# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ,સેક્ટર-૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર-૦૭૯ ૨૩૨૨૦૪૪૦,ફેક્સ નંબર-૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email :gmc8gandhinagar@gmail.com

ક્રમાંક:ગાં.મ.ન.પા./મકમ/કોરોનાવાઇરસ/ જાહેરનામું/ફન.૧૧૫-૨/૧૪૪૨૦૧B/૨૦૨૦, તા:૧૯/૧૧/૨૦૨૦

**વંચાણે લીધું:**

(૧) ધી એપેડેમિક ડિસીઝ એક્ટ-૧૮૯૭.
(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫.
(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: NCV/102020/SF-1/G, તા.૨૦/૦૩/૨૦૨૦.
(૪) ગૃહ મંત્રાલય, ભારત સરકારના હુકમ ક્રમાંક: ૪૦-૩/૨૦૨૦-DM-I(A), તા.૨૯/૬/૨૦૨૦.
(૫) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના જાહેરનામાં ક્રમાંક:જીજી/૩૭/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૩૦/૦૬/૨૦૨૦.

## "જાહેરનામુ"

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઇરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઇરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતા ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં નોવેલ કોરોના વાઇરસના પોઝીટીવ કેસો નોંધાયેલા છે જેથી કોરોના વાઇરસના સંક્રમણના ફેલાવવાની શક્યતાઓ સોશિયલ ડીસ્ટન્સીંગ (Social Distancing)ના અભાવે વધી રહેલ છે.

આથી હું, મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર ગુજરાત રાજ્ય એપેડેમિક ડીઝીસ એક્ટ-૧૮૯૭ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક:NCV/102020/SF-1/G, Date:20/03/2020ના પેરા નં. ૧૧ થી મળેલ અધિકારની રુએ નીચે કોષ્ટકમાં દર્શાવેલ વિસ્તારોને "Containment Area" (કન્ટેન્મેન્ટ એરિયા) જાહેર કરું છું

| માઈક્રો કન્ટેન્મેન્ટ એરિયાની યાદી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સેક્ટર/ગામ | માઈક્રો કન્ટેન્મેન્ટ એરિયા | કુલ ઘર | કુલ વસ્તી |
| ૧ | સેક્ટર-૨ | પ્લોટ નં.-૧૫૫૮ થી ૧૫૬૦ | ૦૬ | ૨૪ |
| ૨ | સેક્ટર-૪ | પ્લોટ નં.૮૦૦ થી ૮૦૨ | ૦૬ | ૨૫ |
| ૩ | સેક્ટર-૫ | પ્લોટ નં-૯૪૦ થી ૯૪૨ | ૦૬ | ૨૬ |
| ૪ | સેક્ટર-૬ | પ્લોટ નં-૫૮૯ થી ૫૯૨ | ૦૮ | ૩૨ |
| ૫ | સેક્ટર-૭ | પ્લોટ નં-૬૨૬ થી ૬૨૯ | ૦૬ | ૨૫ |
| ૬ | સેક્ટર-૮ | પ્લોટ નં-૪૬૫ | ૦૨ | ૧૦ |
| ૭ | સેક્ટર-૭ | પ્લોટ નં-૧૨૮૫ થી ૧૨૮૭ | ૦૬ | ૨૫ |
| ૮ | સેક્ટર-૧૪ | પ્લોટ નં-૮૭ થી ૮૯ | ૦૬ | ૨૫ |
| ૯ | સેક્ટર-૧૯ | બ્લોક-૨૮૨ ઘ ટાઈપ | ૦૬ | ૨૦ |
| ૧૦ | સેક્ટર-૨૨ | પ્લોટ નં-૩૦૭ થી ૩૧૦ | ૦૪ | ૨૫ |
| ૧૧ | સેક્ટર-૨૨ | બ્લોક-૩૨૪ આનંદ વાટિકા | ૧૨ | ૫૨ |
| ૧૨ | સેક્ટર-૨૩ | પ્લોટ નં-૫૪૦ થી ૫૪૬ | ૧૪ | ૫૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | સેક્ટર-૨૪ | પ્લોટ નં-૫૨૦ થી ૫૨૪ | ૦૬ | ૩૦ |
| ૧૪ | સેક્ટર-૨૪ | પ્લોટ નં-૭૦૧ થી ૭૦૭ | ૦૭ | ૩૦ |
| ૧૫ | સેક્ટર-૨૭ | પ્લોટનં-૨૯ થી ૩૫ | ૦૭ | ૩૨ |
| ૧૬ | સેક્ટર-૨૭ | પ્લોટ નં-૪૯૫ થી ૫૦૦ | ૦૬ | ૨૫ |
| ૧૭ | સેક્ટર-૨૯ | બ્લોક-૬૧૨ જે-૧ | ૦૬ | ૨૫ |
| ૧૮ | સેક્ટર-૨૯ | બ્લોક-૨૮૫ મનોરથ ફ્લેટ | ૧૨ | ૪૮ |
| ૧૯ | સેક્ટર-૨૯ | બ્લોક-૧૧ વન્દેમાતરમ-૨ | ૨૮ | ૧૧૨ |
| ૨૦ | સેક્ટર-૩૦ | ઉદયભાસિંહ કોલેજ કેમ્પસ માં આવેલ મકાન | ૦૨ | ૧૦ |
| ૨૧ | સેક્ટર-૩૦ | પ્લોટ નં-૧૩૫ થી ૧૩૯ | ૦૫ | ૨૦ |
| ૨૨ | જીઇબી કોલોની | ટાઇપ-૩ બ્લોક-૪૦ માં આવેલ મકાન નં-૨ | ૦૧ | ૦૫ |

ઉપરોક્ત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમિક ડિસીઝ એક્ટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા.

**નકલ સવિનય રવાના જાણ સારું:**

૧. કલેકટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર તરફ.

૨. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સેકટર-૨૭, ગાંધીનગર તરફ.
૨/- આપશ્રીના તાબા હેઠળના તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીને જાહેરનામાની સંપૂર્ણ વિગતોથી સુમાહિતગાર કરી જરૂરી માર્ગદર્શન આપી જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરાવવા સારું.

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે:**

૧. મેડીકલ ઓફિસર ઓફ હેલ્થશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફ.
૨/- આ જાહેરનામાની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા તથા સમગ્ર ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારોમાં રોગચાળો ફેલાતો અટકાવવા આરોગ્ય વિભાગની ગાઈડલાઈન/SOP અનુસાર આરોગ્ય વિષયક જરૂરી કાર્યવાહી અને સંકલન કરવા લાયઝન અધિકારી તરીકે આપશ્રીને નિયુકત કરવામાં આવે છે. સબબ, જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા સારું.

૨. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફ ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવા સારું.